**CRIME BRANCH**
**AHMEDABAD CITY**

**પ્રેસ નોટ**

**તા.૨૨.૧૦.૨૦૨૬**

## હેરોઈન નો જથ્થો ૪ કિલો ૫૩૧ ગ્રામ તથા મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ નો જથ્થો ૨ કિલો ૫૦૦ ગ્રામ જેની આંતરરાષ્ટ્રીય કિમત રૂ.૨૫,૬૫,૩૫,૪૪૦/- (પચ્ચીસ કરોડ પાંસઠ લાખ પાંત્રીસ હજાર ચાર સો ચાલીસ) ના ડ્રગ્સ સાથે દિલ્હી શહેરના ૩ ઇસમોને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમબ્રાન્ચ તથા અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ

ગુજરાત રાજ્યને ડ્રગ્સ નાબુદી અભિયાન હેઠળ અમદાવાદ શહેર પોલીસ કમિશનર સાહેબશ્રીનાઓ જ્યારે સુરત શહેરના પોલીસ કમિશ્નર હતા ત્યારે તેમની સુચનાથી શ્રી ભાવેશ રોજીયા સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, સુરત શહેર નાઓ છેલ્લા દોઢ વર્ષથી આ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ડ્રગ્સનો જથ્થો મંગાવી આંતરરાજ્ય વેચાણ કરનાર આ ગેંગ સાથે સંકળાયેલ ઇસમોને ઝડપી પાડવા પ્રયત્નશીલ હતા પરંતુ સદરહુ આરોપીઓ ગુજરાત ખાતે કોઈપણ કારણસર આવેલ ન હતા.

ગઈ તા:-૨૧/૧૦/૨૦૨૬ ના રોજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, સુરત શહેરને બાતમી હકિકત મળેલ કે આ ગેંગના ત્રણ ઇસમો વિપુલમાત્રામાં ડ્રગ્સનો જથ્થો લઈ ગુજરાત અમદાવાદ શહેરમાં આવનાર છે. જે બાતમી આધારે સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એન.પરમાર તથા તેમની ટીમ સાથે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ખાતે મોકલી નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના સંકલન કરી અલગ અલગ ટીમો બનાવી આ ગેંગના આરોપીઓ શોધી કાઢવા કામગીરી હાથ ધરેલ. દરમ્યાન ગઈ તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ અને સુરત શહેર ક્રાઇમબ્રાન્ચની ટીમો દ્વારા ચોક્કસ અને આધારભુત માહિતી આધારે **અમદાવાદ શહેર બરોડા એક્ષપ્રેસ હાઇવે, રામોલ ટોલટેક્ષ** પાસેથી નીચે મુજબના આરોપીઓ ઝડપી લેવામા આવેલ છે.

**(૧) કફીલઅહેમદ ઉર્ફે જાવેદ સ/ઓ વકીલઅહેમદ નિયાઝમોહમંદ અંસારી ઉવ.૫૯** રહે. મ.નં.૫૭૭/એ/૭, ગલી નં.૭, ઝાકીરનગર, ન્યુ ફ્રેન્ડસ કોલોની, ઓખલા, સાઉથ દિલ્હી, દિલ્હી શહેર મુળવતન:- કરીયાનીવ મોહલ્લા, ભોગાંવ, પોસ્ટ-થાન ભૌગાંવ જી:-મેનપુરી ઉતરપ્રદેશ

**(૨) તિફલે નૌખેઝ સ/ઓ મોહમદ યુસુફ મોહમંદ ઇબ્રાહીમ મુસ્લીમ ઉવ.૪૪** રહે. ૧૮૦/૩-GF, ગલી નં.-૭, ઝાકીર નગર, ઓખલા, સાઉથ દિલ્હી, દિલ્હી શહેર તથા મ.નં.

૨૧/એ, ભરતનગર, ન્યુ ફ્રેન્ડ કોલોની બાજુમાં, સાઉથ દિલ્હી, મુળવતન:- ગામ:-કમાલપુર પોસ્ટ:-દરીયાપુર તા:-ઉપરકોટ થાના-દેહાતી જી:-બુલંદશહેર ઉતરપ્રદેશ

**(૩) મોહમંદઇમરાન ઉર્ફે રાજા સ/ઓ મોહમંદયુનુસ રહેમઅલી અલવી ઉ.વ.૪૨** રહે:- જીબીઆઇ બરાત ઘર, બીજા માળે, જીબીઆઇ કોલોની, માધવપુરમ, મેરઠ, ઉતરપ્રદેશ તથા સી/૧૩/૩, ત્રીજા માળે, ઓખલા વિહાર, પોસ્ટ:-ન્યુ પોસ્ટ કોલોની સાઉથ દિલ્હી, દિલ્હી

**કબ્જે કરેલ મુદ્દામાલ:-**

(૧) માદક પદાર્થ હેરોઈન નેટ વજન ૪ કિલો ૫૩૧ ગ્રામ ૨૨૦ મીલીગ્રામ જેની આંતરરાષ્ટ્રીય **કિ.રૂ. ૨૨,૬૫,૬૧,૦૦૦/- (બાવીસ કરોડ પાસઠ લાખ એકસાઇઠ હજાર)**
(૨) મેફેડ્રોન ડ્રગ્સ નેટ વજન ૨ કિલો ૪૯૭ ગ્રામ ૮૭૦ મિલીગ્રામ કિ.રૂ. **૨,૯૯,૭૪,૪૪૦/- (બે કરોડ નવાણુ લાખ ચુવોતેર હજાર ચારસો ચાલીસ)** મળી કુલ **કિ.રૂ.૨૫,૬૫,૩૫,૪૪૦/- (પચ્ચીસ કરોડ પાંસઠ લાખ પાંત્રીસ હજાર ચાર સો ચાલીસ)**
(૩) મોબાઇલ ફોન નંગ-૦૬ કિ.રૂ.૮૦,૦૦૦/- (૪) રોકડા રૂપિયા ૮૩,૯૦૦/- (૪) આર.સી.બૂક કિ.રૂ. ૦૦/૦૦, (૫) ડાયરી નંગ-૦૧ કિ.રૂ. ૦૦/૦૦, (૬) ચાવી નંગ-૦૧ કિ.રૂ.૦૦/૦૦, તથા (૭) મહિન્દ્રા XUV કાર-૦૧ કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા **કિ.રૂ.૨૫,૭૧,૯૯,૩૪૦/- (પચ્ચીસ કરોડ એકોતેર લાખ નવાણુ હજાર ત્રણસો ચાલીસ)**

**આરોપીઓ પુછપરછ દરમ્યાન જણાય આવેલ હકીકત:-**

## (૧) કફીલઅહેમદ ઉર્ફે જાવેદ અન્સારી:-

- સને-૨૦૧૪ માં **જયપુર શહેર** એન.સી.બી. વિભાગમાં **૧૮ કિલો ચરસના કેસમા** પકડાયેલ છે. જે કેસમાં ૧૫ વર્ષની સજા થયેલ છે.
- સને-૨૦૧૫ માં પેરોલ રજા પર આવેલ તે દરમ્યાન **જયપુર શહેર એ.ટી.એસ**. અને એસ.ઓ.જી. પોલીસમાં **૩ કિલો અલ્પ્રાઝોમ ડ્રગ્સના** કેસમાં પકડાયેલ છે. જે કેસમાં ૨૦ વર્ષની સજા થયેલ છે.
- સને-૨૦૧૪ માં **ગુજરાત રાજ્ય, એન.સી.બી. વિભાગમાં** એન્ફ્રાટામાઈન નામના ડ્રગ્સના કેસમાં પકડાયેલ છે. આ કેસમાં ૧૦ વર્ષની સજા થયેલ છે.
- ઉપરોકત કેસોમા ૯ વર્ષ સુધી જયપુર શહેરની જેલમાં અને એક વર્ષ અમદાવાદ શહેર સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે રહેલ છે.
- ગુજરાત એન.સી.બી. વિભાગમાં પકડાયેલ છે. જે કેસોમાં સજા થયેલ છે.
- કબ્જે કરેલ મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સનો જથ્થો હાલના આરોપી કફીલઅહેમદ અન્સારી દ્વારા રાજસ્થાન રાજ્યના ઝાલાવાડ જિલ્લાના ભવાની મંડી ખાતે રહેતા શકીલમોહમંદ બસીરમોહમંદ નામના વ્યકિત પાસેથી ખરીદ કરેલ છે.
- સદરહુ આરોપીને તમામ કેસોમા મળી કુલ-૪૫ વર્ષની સજા થયેલ છે. જે તમામ કેસોમા જામીન ઉપર છુટેલ છે.

## (૨) તિફલે નૌખેઝ સ/ઓ મોહમદ યુસુફ મોહમંદ ઈબ્રાહીમ મુસ્લીમ :-

- અગાઉ સને-૨૦૧૪ માં **પંજાબ રાજ્યના અમૃતસર પાસે આવેલ તરંતતારંગ પોલીસ** સ્ટેશનમાં હેરોઈનના કેસમા પકડાયેલ હતો.
- સને-૨૦૧૯ માં **દિલ્હી શહેર સ્પેશિયલ સેલ**, લોદી રોડ ખાતે **૩૩૦ કિલો હેરોઈનના** ના જથ્થા સાથે અફઘાનિસ્તાનના નાગરિકો સાથે પકડાયેલ છે.
- સને-૨૦૨૧ માં **દિલ્હી શહેર સ્પેશિયલ સેલમાં** **૫૪ કિલો હેરોઈનના** કેસમાં પકડાયેલ છે.
- દસેક મહિના પહેલા **દિલ્હી શહેર ચાણક્યપુરી પોલીસ સ્ટેશનમાં** ફોરવ્હીલ ચોરીના કેસમા પકડાયેલ છે.
- તેણે હેરોઈન જથ્થો **અફઘાનિસ્તાન દેશ, કંધહાર શહેરમા રહેતા રહેમત ગુલ નામના** વ્યક્તિ પાસેથી મંગાવતા તેનો એક માણસ દિલ્હી શહેર લાજપત નગર ખાતે હેરોઈનનો જથ્થો આપી ગયેલ છે.
- સદરહુ મહિન્દ્રા XUV ફોરવ્હીલ કાર નંબર DL-12-CJ-8070 તેના માલિકીની છે.

## (૩) મોહમંદઈમરાન ઉર્ફે રાજા સ/ઓ મોહમંદયુનુસ રહેમઅલી અલવી :-

- અગાઉ સને-૨૦૧૭ માં દિલ્હી ન્યુ ફ્રેન્ડ કોલોની પોલીસ સ્ટેશન, તથા ઈસ્ટ ઓફ કૈલાશ પોલીસ સ્ટેશનમાં છેડતી અને મારામારી ના કેસમા તથા સને-૨૦૨૩ માં નિઝામુદ્દીન પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીના કેસમા પકડાયેલ છે.
- હાલમાં કેટરીંગ તથા ડ્રાઈવીંગ કામ કરતો હોય ઉપરોકત બન્ને આરોપીઓ સાથે મળી આરોપી તિફલે નૌખેઝની ફોરવ્હીલ ગાડીમાં હેરોઈન અને એમ.ડી. ડ્રગ્સનો જથ્થો હેરાફેરી કરતો હોવાની હકીકત જણાવે છે.

ઉપરોકત ત્રણેય આરોપીઓ હેરોઈન અને મેફેડ્રોનનો જથ્થો **ઈન્સ્ટન્ટ ડ્રિન્ક અને રેઈઝનટ્સ પેકેટોમાં પાર્સલ પેક કરી** મહિન્દ્રા એક્ષયુવી ફોરવ્હીલ ગાડીમાં **છુપાવી રાજકોટ શહેરમાં રહેતા અસલમ નામની** વ્યક્તિએ મંગાવતા તેને આપવા સારુ અમદાવાદ શહેર ખાતે આવતા હોવાની હકીકત જણાવેલ છે.

- આ ગેંગના આરોપીઓ ભારત દેશ તેમજ ભારત દેશ બહારથી ડ્રગ્સનો જથ્થો મંગાવી અમદાવાદ શહેર તથા ગુજરાત રાજયના અલગ અલગ વિસ્તારો તેમજ દિલ્હી તથા અન્ય રાજ્યોમાં મોટા જથ્થામાં ડ્રગ્સ સપ્લાય કરવાનુ કામ કરે છે.
- આ જથ્થો ભારત દેશમા કેવી રીતે અને કોના કોના માધ્યમથી ઘુસાડવામા આવેલ છે તે દિશામા તપાસ તજવીજ હાથ ધરવામા આવેલ છે.
- ગુજરાત રાજ્યમા આ જથ્થો મંગાવનાર વ્યક્તિની તથા મેફેડ્રોનનો જથ્થો વેચનાર રાજસ્થાનનો વ્યક્તિ અને હેરોઈનનો જથ્થો આપવા આવેલ વ્યક્તિ તથા અફઘાનિસ્તાનથી જથ્થો મોકલનાર વ્યક્તિઓની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

- આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓ સાથેનુ કનેકશન તથા મોટા પ્રમાણમા ડ્રગ્સનુ ઉત્પાદન કરી સપ્લાય કરનારા અન્ય વ્યક્તિઓના સંપર્કમા છે કે કેમ? તે દિશામા તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.
- ગુજરાત રાજયની અલગ અલગ એન્જસીનો સાથે સંકલનમાં રહી ગુજરાત રાજય તથા અમદાવાદ શહેરમાં ડ્રગ્સની પ્રવ્રુતી સાથે સંકળાયેલ માફીયાઓ, સપ્લાયરો પેડલરોને પકડી આગળ મોટી કાર્યવાહી કરવામાં આવશે.